# Property Expo-2023નો થાણેમાં ધમાકેદાર આરંભ

લોકો જેની ઉત્કંઠાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા એવા CREDAI MCHI Thane દ્વારા આયોજિત Property Expo-2023 થાણેનો જોશભેર આરંભ થઈ ગયો . એક્સ્પોમાં પ્રદર્શિત આકર્ષક પ્રોજેક્ટ્સની શ્રેણીમાંથી સપનાનું ઘર પસંદ કરવા માટે સ્થળ પર જાણે કે મહેરામણ ઊમટ્યો હતો



(ડાબેથી) - જિતેન્દ્ર મહેતા (પ્રમુખ) CREDAI MCHI THANE, અજય આશર (તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ) CREDAI MCHI THANE, શ્રી. ગૌતમ સિંઘાનિયા, સીએમડી રેમન્ડ ગ્રુપ, શ્રી. અશોક શિંગારે, (થાણે કલેક્ટર), જયજિત સિંહ (પોલીસ કમિશનર)



(ડાબેથી) મનીષ ખંડેલવાલ (સચિવ), સંદીપ મહેશ્વરી (પ્રદર્શન સમિતિના અધ્યક્ષ), રસેલ ફર્નાન્ડિસ (ટાઈમ્સ ગ્રુપ), અજય આશર (તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ), જયજિત સિંહ (પોલીસ કમિશનર), જિતેન્દ્ર મહેતા (પ્રમુખ), અભિજિત બાંગર IAS (TMC કમિશનર), અશોક શિંગારે, (TMC, કલેક્ટર), સચિન મીરાણી (વાઈસ-પ્રેસિડન્ટ), ડોમનિકરોમેલ, (વાઈસ પ્રેસિડન્ટ, CREDAI MCHI), નૈનેશ શાહ (ભૂતપૂર્વ પ્રમુખ) CREDAI MCHI, થાણે.

રેમન્ડ ગ્રાઉન્ડ, થાણે-પશ્ચિમ ખાતે ૩ ફેબ્રુઆરી, ૨૦૨૩થી થાણેના પ્રીમિયર રિયલ એસ્ટેટ અને હોમ ફાઈનેન્સ એક્સ્પો-પ્રૉપર્ટી 2023 થાણેનો એક ભપકાદાર ઉદ્‌ઘાટન-સમારોહ સાથે શાનદાર આરંભ થયો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર-થાણે; થાણે મ્યુનિસિપલ કમિશનર અને થાણેના પોલીસ કમિશનરે ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

'ક્યારે ઉદ્‌ઘાટન-સમારોહ શરૂ થાય અને ક્યારે એક્સ્પોમાં જવાનો મોકો મળે એની રાહ જોતા ઊભેલા મુલાકાતીઓને જોઈને અમને સ્વાભાવિકપણે જ આનંદ-આશ્ચર્ય થયું. એક્સ્પોનો વિધિવત્ આરંભ થવા પહેલાં જ લોકો લાઈન લગાવીને ઊભા હતા. એ જોઈને લાગતું હતું કે CREDAI MCHI થાણેનું પ્રૉપર્ટી એક્સ્પોનું આ વીસમી વારનું આયોજન પણ નિ:શંક સફળતાને જ વરશે,' એમ CREDAI MCHI થાણેના પ્રમુખ જિતેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું. 'દિવસના પ્રથમ ભાગમાં, વૉક-ઈન્સની સંખ્યા સૂચવી રહી છે કે આ એક્સ્પો સમગ્ર વર્ષ દરમ્યાન થાણે પરિસરમાં મિલકતના વેચાણમાં વૃદ્ધિનો પાયો નાખશે.' 'એક્સ્પોનો સમય પરફેક્ટ હતો, કારણ કે માનનીય નાણાપ્રધાનના પૉઝિટિવ બજેટ અને બજેટ સ્પીચને પરિણામે લોકોની સકારાત્મક લાગણીને વેગ મળ્યો હતો અને પ્રથમ દિવસના વૉક-ઈન્સ મુલાકાતીઓ એનો બોલતો પુરાવો છે,' એમ CREDAI MCHI થાણેના તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ અજય આશરે જણાવ્યું હતું. તેમણે થાણેની વૃદ્ધિ વિશે જિતેન્દ્ર મહેતાના અગાઉના ઉલ્લેખને ટાંક્યો હતો. તેમણે એને વાસ્તુની દૃષ્ટિએ સમજાવ્યું કે 'કોઈ પણ સ્થળે પર્વત, જમીન અને પાણીની હાજરી એ સ્થળના વિકાસ અને વૃદ્ધિનું પ્રેરકબળ બની રહે છે. થાણે શહેરનું વાસ્તુ ઉત્તમ છે. આ શહેરમાં રહેવા આવતા નવા લોકોના પ્રવાહને ધ્યાનમાં લેતાં વાર્ષિક ૩૫ ટકાના દરે થાણે શહેર વિકાસ પામી રહ્યું છે,' એમ તેમણે ઉમેર્યું હતું.

થાણેના જિલ્લા-કલેક્ટર અશોક શિંગારે (IAS)એ જણાવ્યું હતું કે 'છેલ્લા કેટલાક દાયકાઓમાં થાણેનું એક શહેર તરીકે થઈ રહેલું રૂપાંતર દેખાઈ રહ્યું છે. છેલ્લાં ૧૮ વર્ષથી થાણેના રહેવાસી તરીકે હું આ પરિવર્તનનો સાક્ષી છું અને મને ખાતરી છે કે આ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. સરોવરોનું શહેર-થાણે, સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રીજન (એમએમઆર)માં વૃદ્ધિ અને વિકાસનો આધાર છે.' તેમને એક્સ્પોમાં રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને CREDAI MCHI થાણેના સભ્યો મળ્યા જેઓ તેમના પ્રોજેક્ટ્સમાં પરિવારોને સ્થાયી કરવા વિશે વાત કરતા હતા, 'સેલ' વિશે નહીં; આ વાત તેમને ખરેખર સકારાત્મક લાગી. તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે આ એક્સ્પોમાં ઑફર કરવામાં આવેલા પ્રોજેક્ટ્સમાંથી અનેક લોકોને તેમના સપનાનું ઘર મળી જશે.

થાણે મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનર અભિજિત બાંગર (આઈએએસ) એ તો ઉત્સાહિત થઈને એક્સ્પોમાં આવતા લોકોનું સૌથી પ્રથમ ધ્યાનાકર્ષિત કરતા વાઈબ્રન્ટ રંગોનો ઉલ્લેખ કરીને તેમના સંબોધનની શરૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે આ વાઈબ્રન્ટ રંગો થાણેની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે અહીં ઑફર કરવામાં આવેલાં ઘરોની કિંમતની વિશાળ શ્રેણીનો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે સપનાના ઘરની શોધમાં નીકળેલા અલગ-અલગ બજેટ ધરાવતા લોકો માટે અહીં પસંદગીની વિશાળ તકો છે. થાણે શહેરના વિકાસમાં થાણે મ્યુનિસિપલ કૉર્પોરેશનની અગ્રણી ભૂમિકાને પણ તેમણે વખાણી હતી. થાણે શહેરને જ્યારે પણ કોઈ પડકારનો સામનો કરવો પડ્યો ત્યારે હંમેશાં મદદ માટે મોખરે રહેનારા CREDAI MCHI થાણેના સભ્યોના અભિગમને પણ તેમણે બિરદાવ્યો હતો.

તેમણે કોવિડ19- રોગચાળા દરમ્યાન CREDAI MCHI થાણેના સભ્યો દ્વારા આપવામાં આવેલા સમર્થનનો ખાસ ઉલ્લેખ કર્યો અને ઉમેર્યું હતું કે 'આજના મોડર્ન જમાનાની રાહ પર ચાલવા માટે શહેરને 'બ્રૅન્ડિંગ'ની જરૂર છે અને એક્સ્પો આ આવશ્યકતાને ઉત્તમ રીતે પાર પાડી રહ્યો છે. તેમણે CREDAI MCHI થાણેના પ્રયાસો માટે TMCના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો અને ઉમેર્યું હતું કે પરવડી શકે એવા આવાસનું નિર્માણ એ એક એવી વસ્તુ હતી જેને રાજ્ય સરકાર સમર્થન અને ટેકો આપી રહી છે. મુખ્ય પ્રધાને પણ ખાસ કરીને આ પાસાનો ઉલ્લેખ કર્યો છે અને એને સમર્થન આપ્યું છે અને TMC પણ આ પાસાનો ઉલ્લેખ કરશે અને CREDAI MCHI થાણે દ્વારા કરવામાં આવતી કોઈ પણ પહેલને સંપૂર્ણ સમર્થન આપશે.'

થાણેના પોલીસ કમિશનર આઈપીએસ જયજિત સિંહે જણાવ્યું હતું કે 'કોઈ પણ શહેરના વિકાસ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું પણ જરૂરી છે. થાણે પોલીસનું કામ એ માત્ર સુરક્ષા જાળવવાનું નથી, પરંતુ થાણે હંમેશાં સલામત અને સુરક્ષિત શહેર રહે એની ખાતરી કરવાનું પણ છે. થાણેના વિકાસ માટે સુરક્ષિત વાતાવરણની ખાતરી થાણે પોલીસ આપશે.'

જિતેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે 'પ્રૉપર્ટી એક્સ્પો2023- થાણે એ ઘર શોધનાર અને રોકાણકાર બન્નેને સ્માર્ટ રિયલ એસ્ટેટ ક્યાં ઑફર કરવામાં આવી રહ્યા છે એ શોધવા માટેનું યોગ્ય પ્લૅટફૉર્મ છે જે વિવિધ આવશ્યકતાઓને પૂર્ણ કરે છે. છેલ્લા કેટલાક મહિનામાં થાણેના પ્રૉપર્ટી ટ્રાન્ઝેક્શનમાં સતત વધારો થતો જોવા મળ્યો છે. બાંધકામના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો થાણે એક રિયલ એસ્ટેટ વિકાસ-હબ છે જે સતત અપડેટ થતું રહે છે; જેથી અહીંનાં ઘરોમાં તમને નવા વિચારો, નવાં આધુનિક ઉત્પાદનો, રાચરચીલું અને નવી ટેક્નોલૉજીનો સમન્વય એ બધું જ જોવા મળશે.'





(ડાબેથી) મંથન મહેતા (આઈપીપી, યુથ વિન્ગ), અભિષેક પરમાર, (સેક્રેટરી, યુથ વિન્ગ), નિમિત મહેતા (ટ્રેઝરર, યુથ વિન્ગ), જય વોરા (પ્રમુખ, યુથ વિન્ગ), મનીષ ખંડેલવાલ (સેક્રેટરી), રસેલ ફર્નાન્ડિસ (ટાઈમ્સ ગ્રુપ), સંદીપ મહેશ્વરી (પ્રદર્શન સમિતિના અધ્યક્ષ), અજય આશર (તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ), જયજિત સિંહ (પોલીસ કમિશનર), જિતેન્દ્ર મહેતા (પ્રમુખ), અભિજિત બાંગર IAS (TMC કમિશનર), અશોક શિંગારે (TMC, કલેક્ટર), સચિન મીરાણી (વાઈસ-પ્રેસિડન્ટ), ડોમનિકરોમેલ, (વાઈસ પ્રેસિડન્ટ, CREDAI MCHI), ફૈયાઝ વીરાણી (જૉઈન્ટ ટ્રેઝરર), અમર સિંહ ઠાકુર (જૉઈન્ટ, ટ્રેઝરર), શૈલેશ પુરાણિક (ભૂતપૂર્વ પ્રમુખ), રાજુલ વોરા (ઉપપ્રમુખ), ધવલ અજમેરા (સચિવ, CREDAI MCHI), મહેશ અગ્રવાલ (રિજન્સી ગ્રુપ), દીપક ગોરડિયા (IPP, CREDAI MCHI), પ્રીતમ ચિવુકુલા (ખજાનચી, CREDAI MCHI)



TMC કમિશનર અશોક શિંગારેનું મહેશ અગ્રવાલ (રિજન્સી ગ્રુપ) અને દીપક ગારોડિયા (દોસ્તી ગ્રુપ) દ્વારા સન્માન કરાયું હતું.